પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮૬ | ૨૮ ડિસેમ્બર, ૨૦૨૧, મંગળવાર; માગશર વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પ્રતિબંધના નિર્ણય રાજ્ય સરકાર કરે : કેન્દ્ર

## ઓમિક્રોન દેશના ૧૯ રાજ્યો સુધી પહોંચી ગયો છે, દેશમાં અત્યાર સુધી ઓમિક્રોનના ૫૭૮ કેસ સામે આવ્યા છે : કેન્દ્ર સરકારે રાજ્યોને પત્ર લખ્યો

નવી દિલ્હી, તા.૨૭

નવા વર્ષ પહેલા કોરોનાનો નવો વેરિઅન્ટ ઓમિક્રોન ડરાવી રહ્યો છે. આ દરમિયાન ગૃહ મંત્રાલયે રાજ્યોને સ્પષ્ટ આદેશ આપ્યા છે કે તે પોતાના સ્તર પર કોરોના અને નવા વેરિઅન્ટ સામે લડવા માટે કમર કસી લે. જેમાં કેન્દ્ર તરફથી એ પણ લખવામાં આવ્યુ છે કે તહેવારની સિઝનને જોતા પોતાના સ્તર પર પ્રતિબંધના નિર્ણય કરી શકે છે.

દુનિયાની સાથે-સાથે દેશમાં પણ ઓમિક્રોનનુ જોખમ વધતુ જઈ રહ્યુ છે. જોતજોતામાં ઓમિક્રોન દેશના ૧૯ રાજ્યો સુધી પહોંચી ગયો છે. દેશમાં અત્યાર સુધી ઓમિક્રોનના ૫૭૮ કેસ સામે આવ્યા છે. ગૃહ મંત્રાલયે એ પણ જણાવ્યુ કે ઓમિક્રોન અત્યારસુધી ૧૧૬ દેશો સુધી પહોંચી ગયો છે.

સોમવારે જારી પત્રમાં ગૃહ મંત્રાલયે લખ્યુ છે કે તમામ રાજ્ય યોગ્ય પગલા ઉઠાવો અને સતર્કતા જાળવી રાખો. રાજ્ય સરકારને એ પણ કહ્યુ છે કે તે લોકો નવા વેરિઅન્ટને લઈને પ્રેસ કોન્ફરન્સ દ્વારા યોગ્ય જાણકારી લોકો સુધી પહોંચાડો. ગૃહ મંત્રાલયે એ પણ કહ્યુ છે કે તહેવારો દરમિયાન ભીડને અટકાવવા માટે પ્રતિબંધ લગાવવા પર પણ રાજ્ય વિચાર કરે. પહેલા ક્રિસમસ અને હવે નવા વર્ષે ફરી આગળ મકર સંક્રાંતિ અને હોળી વગેરે તહેવારની સિઝનને ઓમિક્રોનને લઈને ચિંતા વધારી છે. છેલ્લા કેટલાક દિવસમાં પણ બજાર, મોલની એવી કેટલીક તસવીર આવી છે જે ભયાવહ છે. આવા સ્થળ પર ભીડ કોરોનાના નવા વેરિઅન્ટના કહેરને આમંત્રણ આપનારી સાબિત થઈ શકે છે.

કેન્દ્રીય ગૃહ સચિવ તરફથી તમામ રાજ્યોને આ પત્ર લખવામાં આવ્યો છે. ગૃહ મંત્રાલયે કહ્યુ છે કે ઓમિક્રોન ડેલ્ટાની સરખામણીએ ૩ ગણો ઝડપથી ફેલાય છે. આનાથી કોરોનાની અટકાયતમાં નવો પડકાર માનવામાં આવી રહ્યો છે. ગૃહ મંત્રાલયના પત્રમાં લોકોને પણ સાવધાની રાખવાની સલાહ આપવામાં આવી છે. લખવામાં આવ્યુ છે કે કોરોનાને રોકવા માટે જે નિયમ બનાવવામાં આવશે તેને ના માનવા પર સેક્શન ૫૦થી ૬૧ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ સજા થઈ શકે છે.

# ૧લી જાન્યુઆરીથી બાળકોને વેક્સિનેશનનું રજિસ્ટ્રેશન

### ૧૫ વર્ષથી મોટી ઉંમરના બાળકોને વેક્સિનની મંજૂરી : હાલમાં ભારતીય બાળકોને કોવેક્સિન લગાવવામાં આવશે, તેના બે ડોઝ માટે ૨૮ દિવસનું અંતર નક્કી કરવામાં આવ્યું

નવી દિલ્હી, તા.૨૭

કોરોના વેરિએન્ટ ઓમિક્રોનના વધતા ડર વચ્ચે હાલમાં ડીસીજીઆઈ એ કોવેક્સિનની બાળકોને અપાતી વેક્સીનને મંજૂરી આપી દીધી છે. ૧૨થી ૧૮ વર્ષના બાળકોને આ વેક્સીન ઈમરજન્સી સ્થિતિમાં આપી શકાશે. ડીસીજીઆઈએ ભલે ૧૨ વર્ષથી વધુ ઉંમરના બાળકોને વેક્સીનને મંજૂરી આપી છે, પરંતુ કેન્દ્ર સરકારે હાલ ૧૫ વર્ષથી મોટી ઉંમરના બાળકોને વેક્સીનની મંજૂરી આપી છે. આ લોકો ૧ જાન્યુઆરીથી કોવિન પોર્ટલ પર બાળકોની રસી માટે રજીસ્ટ્રેશન કરાવી શકશે. બાળકોની રસી માટે રજીસ્ટ્રેશન કરાવવા તમારે આ પ્રક્રિયાનું પાલન કરવું પડશે. આ નિર્ણય તેવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે દેશમાં ઓમિક્રોન કેસ ઝડપથી વધી રહ્યાં છે, જ્યારે તમામ નિષ્ણાંતો બાળકોના રસીકરણ પર ભાર આપી રહ્યાં છે. દુનિયાના બાકી દેશોમાં બાળકોનું રસીકરણ ઘણા સમયથી શરૂ કરી દેવામાં આવ્યું છે. અમેરિકા, બ્રિટન સહીત અન્ય દેશોએ પહેલાથી જ આ એજ ગ્રુપના લોકોને વેક્સીન આપવાનું શરૂ કરી દીધું છે. ભારત સરકારની તૈયારી-૧ જાન્યુઆરીથી કોવિન પોર્ટલમાં બાળકોનું વેક્સીનેશન રજીસ્ટ્રેશન શરૂ થશે. આ દરમિયાન ધોરણ ૧૦ના આઈડી તરીકે વિદ્યાર્થીનું આઈ કાર્ડ જોડવામાં આવશે. ૩ જાન્યુઆરીથી બાળકોને રસી આપવાની થશે શરૂઆત. હાલમાં ભારતીય બાળકોને કોવેક્સિન લગાવવામાં આવશે. તેના બે ડોઝ માટે ૨૮ દિવસનું અંતર નક્કી કરવામાં આવ્યું છે.

પ્રિકોશનરી ડોઝ આ લોકોને મળશે-તમામ ફ્રંટલાઈન વર્કર્સ અને કોવિડ વોરિયર્સને કોવિન પર રજીસ્ટ્રેશન કરવું પડશે. પ્રિકોશનરી ડોઝ લેનારને જૂની વેક્સીન જ લાગશે. આ ડોઝ પણ ફ્રી આપવામાં આવશે. વૃદ્ધો માટે બૂસ્ટર ડોઝની વ્યવસ્થા-નવા વર્ષથી શરૂ થશે રજીસ્ટ્રેશન, પહેલાની પ્રક્રિયા યથાવત રહેશે, ત્રીજા ડોઝ માટે ૯ મહિનાનું અંતર જરૂરી.

# સ્વાસ્થ્ય સેવામાં કેરળનો શ્રેષ્ઠ દેખાવ, યુપીમાં ખરાબ સ્થિતિ

### નીતિ આયોગે સ્વાસ્થ્ય સેવામાં પ્રદર્શન પર યાદી બહાર પાડી : ગુજરાત છઠ્ઠા ક્રમે : નાના રાજ્યોમાં મિઝોરમ સ્વાસ્થ્ય સેવાઓમાં ઉચ્ચ સ્થાને

નવી દિલ્હી, તા.૨૭

કોરોનાએ સમગ્ર દેશની બિસમાર હાલતની સ્વાસ્થ્ય સેવાઓને જનતા સામે ઉજાગર કરી છે. આ વચ્ચે નીતિ આયોગે તે રાજ્યોની યાદી જાહેર કરી છે જ્યાં સમગ્ર સ્વાસ્થ્ય સેવાઓ શ્રેષ્ઠ છે અને જે રાજ્યોની સ્થિતિ ઘણી જ દયનીય છે. નીતિ આયોગના ચોથા સ્વાસ્થ્ય સૂચકાંક અનુસાર સમગ્ર સ્વાસ્થ્ય સેવાઓના પ્રદર્શનના મામલે મોટા રાજ્યોમાં કેરળ એકવાર ફરીથી મોખરે છે. ઉત્તર પ્રદેશમાં સ્થિતિ સૌથી વધારે ખરાબ છે. રિપોર્ટસ અનુસાર તમિલનાડુ અને તેલંગાણા સ્વાસ્થ્ય ધોરણોના મામલે ક્રમશઃ બીજા અને ત્રીજા સ્થાને છે. જ્યારે ગુજરાત સમગ્ર દેશમાં સ્વાસ્થ્ય સેવાઓ મામલે છઠ્ઠા સાથેન છે જ્યારે નાના રાજ્યોમાં મિઝોરમ સમગ્ર સ્વાસ્થ્ય સેવાઓના પ્રદર્શનમાં ઉચ્ચ સ્થાને છે. કેન્દ્ર શાસિત પ્રદેશોમાં દિલ્હી અને

**તમિલનાડુ અને તેલંગાણા સ્વાસ્થ્ય ધોરણોના મામલે ક્રમશઃ બીજા અને ત્રીજા સ્થાને છે**

જમ્મુ-કાશ્મીર અત્યાર સુધી સમગ્ર પ્રદર્શનના મામલે નીચલા સ્થાને હતા પરંતુ સ્થિતિમાં સુધાર કરવાના મામલે બંને રાજ્ય અગ્રણી સ્થિતિમાં પહોંચી ગયા છે. આ પ્રકારે રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે વર્ષ ૨૦૧૮-૧૯ ની સરખામણીએ ઉત્તર પ્રદેશ વર્ષ ૨૦૧૯-૨૦માં સ્થિતિમાં સુધાર કરવાના મામલે ઉચ્ચ સ્થાને છે.

રિપોર્ટ અનુસાર ભલે કેરળ અને તમિલનાડુ સૂચકાંકમાં ક્રમશઃ પહેલા અને બીજા સ્થાને હોય પરંતુ વૃદ્ધિશીલ પ્રદર્શનના મામલે બંને રાજ્ય ૧૨માં અને આઠમાં સ્થાને રહ્યા. તેલંગાણાએ સમગ્ર પ્રદર્શનની સાથે-સાથે વૃદ્ધિશીલ પ્રદર્શન બંનેમાં ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યુ.

સૂચકાંકમાં સમગ્ર સ્વાસ્થ્ય સેવાઓના મામલે ઉત્તર પ્રદેશ સૌથી નીચલા સ્થાને છે તો બિહાર અને મધ્ય પ્રદેશની પણ સ્થિતિ દયનીય છે. બંને રાજ્ય ખરાબ પ્રદર્શનના મામલે બીજા કે ત્રીજા સ્થાને રહ્યા. રાજસ્થાન સમગ્ર પ્રદર્શન અથવા વૃદ્ધિશીલ પ્રદર્શન બંનેના મામલે સૌથી કમજોર રાજ્ય રહ્યુ.




# ૩૧મી સુધીમાં ઈન્કમટેક્સ ન ભરનારા સામે પગલાં

નવી દિલ્લી, તા.૨૭

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ (એવાય૨૧-૨૨) માટે આવકવેરા રિટર્ન (આઈટીઆર) ફાઈલ કરવાની નિયત તારીખ આ વર્ષની શરૂઆતમાં કેન્દ્ર સરકાર દ્વારા ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ સુધી લંબાવવામાં આવી હતી. દર વર્ષે આઈટીઆર ફાઈલ કરવાની સામાન્ય નિયત તારીખ ૩૧મી જુલાઈ હોય છે, પરંતુ આ વર્ષે કોવિડ-૧૯ના કારણે લાદવામાં આવેલા લોકડાઉનને કારણે તેને વધારીને ૩૧મી ડિસેમ્બર, ૨૦૨૧ કરવામાં આવી છે. નિયત તારીખ નજીક હોવાથી, સામાન્ય વર્ગના કરદાતાઓમાં તેમના આઈટીઆર ફાઈલ કરવા માટે ધસારો થયો છે. તમને જણાવી દઈએ કે, સામાન્ય કેટેગરીના કરદાતાઓના ખાતાને ઓડિટ કરવાની જરૂર નથી.

● અનુસંધાન પાન-૭ પર




# ચંદીગઢ મનપામાં આપનો ૩૫માંથી ૧૪ વોર્ડમાં વિજય

ચંદીગઢ, તા.૨૭

સોમવારે જાહેર થયેલા ચંદીગઢ મહાનગર પાલિકાની ચૂંટણીના પરિણામ ચોંકાવનારા છે. તમામ ૩૫ વોર્ડોના પરિણામ જાહેર થઈ ગયું છે. અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ ભાજપ અને કોંગ્રેસનો કિલો ભેદીને ૧૪ વોર્ડોમાં જીત મેળવી છે. પરંતુ કોઈ પાર્ટીને બહુમત મળ્યો નથી. ભાજપ અને કોંગ્રેસે ક્રમશઃ ૧૨ અને ૮ વોર્ડ જીત્યા છે. એક સીટ અકાલી દળના ખાતામાં ગઈ છે.

ભાજપ ઉમેદવાર અને સિટિંગ મેયર રવિકાંત શર્માને આપ ઉમેદવારે હરાવી દીધા છે. ચંદીગઢ મહાનગર પાલિકાના ૩૫ વોર્ડો પર સવારે ૯ કલાકે ગણતરી શરૂ થઈ હતી. રાજ્ય ચૂંટણી પંચ પ્રમાણે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટીએ ૧૪ વોર્ડમાં જીત મેળવી છે. પરંતુ આમ આદમી પાર્ટી ચૂંટણી પ્રચાર સમિતિના પ્રમુખ ચંદર મુખી શર્મા ચૂંટણી હારી ગયા છે. તો ભાજપે ૧૨ વોર્ડ જીત્યા, જ્યારે કોંગ્રેસે ૮ વોર્ડ અને એક વોર્ડ અકાલીના ખાતામાં ગયો છે

મોટા નેતાઓમાં ભાજપના પૂર્વ મેયર રવિકાંત શર્મા વોર્ડ નંબર ૧૭માં હારી ગયા છે. અહીં આપ ઉમેદવાર જસબીર સિંહે જીત મેળવી છે. તો ભાજપના ઉમેદવાર અને પૂર્વ મેયર દવેશ મૌદગિલ ચૂંટણી હારી ગયા છે. ચંદીગઢ ચૂંટણીમાં ભાજપના બે અન્ય પૂર્વ મેયર પણ હાર્યા છે.

ચૂંટણી પરિણામો પર આમ આદમી પાર્ટીએ ખુશી વ્યક્ત કરી છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ચૂંટણી પરિણામો પર ખુશી વ્યક્ત કરી છે.

